વડોદરા જીલ્લાની ચોથી મજુર અદાલતના પ્રમુખ અધીકારીશ્રી સમક્ષ.

રેફરન્સ( એલસીવી ) કેસ નંબરઃ- ૨૯૫/૧૭

આંક :- ૦૬

૧ ) મેનેજર શ્રી,

અલસ્ટોમ ઈન્ડીયા લીમીટેડ.

માણેજા, વડોદરા.

૨ ) નીયોટેક એન્ટરપ્રાઈઝ,

૫૧૧/એ,લલીતા ટાવર,

સ્ટેશન રોડ,વડોદરા. ....પ્રથમ પક્ષકાર.

વિરુધ્ધ

હિતેન્દ્રકુમાર હીરાભાઇ વણકર.

C/o, મકરપુરા જી.આઇ.ડી.સી. એમ્પલોઈઝ યુનીયન,

એસ – ૧, બીજા માળે, દેવકીનંદન કોમ્પ્લેક્ષ,

સુશેન ચાર રસ્તા, મકરપુરા રોડ,વડોદરા. ....બીજા પક્ષકાર.

પ્રથમ પક્ષકાર નંબર – ૧ તરફે :- વી.વકીલ શ્રી એસ.કે.શાહ.

પ્રથમ પક્ષકાર નંબર – ૨ તરફે :- ગેરહાજર.

બીજા પક્ષકાર તરફે :- ગેરહાજર.

-:: ***એવોર્ડ*** ::-

૧) હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંકઃ કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એજે/૮૫૨૮, તારીખ :- ૧૭/૦૪/૨૦૧૭ થી બીજા પક્ષકાર/ શ્રમયોગી હિતેન્દ્રકુમાર હીરાભાઇ વણકરને તેમના પડેલા દીવસોના પગાર સહીત મુળ જગ્યાએ પુન:સ્થાપીત કરવા જોઇએ કે કેમ ? તે સદર્ભે તેની અને પ્રથમ પક્ષકાર/સંસ્થાઓ વચ્ચે ઉપસ્થિત તકરારના ન્યાય નીર્ણય અર્થે સદરહુ કેસ અત્રેની અદાલતને રીફર કરેલ છે.

૨) રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ પક્ષકારોને નોટીસ બજી ગયેલા નુ રેકર્ડ જોતા જણાય આવે છે. તેમજ પ્રથમ પક્ષકાર નંબર – ૧ તરફે આંક – ૩ થી અધીકાર પત્ર રજુ કરેલ હોય,અને સદર કામે બીજા પક્ષકાર તરફે નોટીસ બજી જવા છતા જાતે કે પ્રતીનીધી મારફતે હાજર થઇ સદર કામે એસ.સી. કે કોઇ પુરાવો રજુ ન કરતા પ્રથમ પક્ષકાર તરફે આંક – ૪ થી અરજી આપતા બીજા પક્ષકાર નો એસ.સી રજુ કરવાનો હકકબંધ કરેલ હોય, તેમજ બીજા પક્ષકાર તરફે કોઇ પુરાવો રજુ ન કરતા તેનો પુરાવાનો હકકબંધ થયેલા નુ રેકર્ડ જોતા જણાય આવે છે, અને પ્રથમ પક્ષકાર નંબર – ૧ તરફે બીજા પક્ષકાર દ્વારા એસ.સી. કે કોઇ પુરાવો રજુ કરેલ ન હોય જેથી તેઓ પણ કોઇ જવાબ કે પુરાવો રજુ કરવા માગતા ન હોય તે મુજબ ની આંક – ૫ થી પુરશીસ રજુ કરેલ છે.

૩) આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ જોતા બીજા પક્ષકારએ સદર કામે હાજર થઇ કોઇ માગણા નુ નીવેદન રજુ કરેલ નથી કે કોઇ લેખીત કે સોગદ ઉપર મૌખીક પુરાવો રજુ ન કરેલા નુ રેકર્ડ જોતા જણાતુ હોય અને બીજા પક્ષકાર ને નોટીસ બજી ગયા બાદ તેને સદર કામે હાજર થવા માટે પુરતી તકો આપેલા નુ રેકર્ડ જોતા જણાતુ હોય તેમ છતા તે જાતે કે પ્રતીનીધી મારફતે હાજર થયેલ નથી આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧) સદરહુ રેફરન્સ બીજા પક્ષકાર ના પુરાવાના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ :- ૦૧/૦૫/૧૯**

**વડોદરા.**

**(હાર્દીક દીલીપભાઇ રાજપુરા)**
**પ્રમુખ અધીકારી**
**મજુર અદાલત નંબર-૪**
**વડોદરા.**
**(CODE NO.GJ01291)**